# પાલનપુરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગેરરીતિનો પર્દાફાશ

## ખોટા દસ્તાવેજ રજૂ કરી સહાય મેળવી છેતરપિંડી આચરાઈ : ૨.૩૦ લાખની સહાય પરત કરવા નોટીસ ફટકારતી નગરપાલિકા

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા માં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં વ્યાપક ગેરરીતિઓ આચરાઈ હોવાની બુમરાણ મચી છે. એક કર્મચારી એ.સી.બી.ની ટ્રેપમાં ઝડપાઇ જેલની હવા ખાઈ ચુક્યો છે. ત્યારે ગેરરીતિની પ્રતીતિ કરાવતી ચોંકાવનારી વિગત બહાર આવી છે. જેમાં ખોટા દસ્તાવેજ અને સોગંદનામું કરી સહાય મેળવનાર એક મહિલા પાસેથી રૂ.૨.૩૦ લાખનું રીફન્ડ મેળવવા ખુદ નગરપાલિકાએ નોટીસ ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં છેતરપિંડી સામે આવી છે. જેમાં પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસરે પાલનપુરના વીરબાઈગેટ માળીવાસમાં રહેતા ચંદ્રિકાબેન સુરેશભાઈ ચૌહાણને નોટીસ ફટકારી છે. જેમાં જણાવ્યા મુજબ, ચંદ્રિકાબેન સુરેશભાઈ ચૌહાણ પોતાની માલિકીની બીજી મિલ્કત ધરાવતા હોવા છતાં તેઓએ ખોટુ સોંગદનામું રજૂ કરી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મળતી સહાયનો લાભ લીધો હતો. આવાસ યોજનામાં ખોટા દસ્તાવેજ રજૂ કરી ૨.૩૦ લાખ સહાય લીધી હોવા અંગેની તેમના વિરુદ્ધમાં ભાનુબેન ગીરીશભાઈ સોલંકીએ અરજી કરતા ભાંડો ફૂટ્યો હતો.

દરમિયાન, ચીફ ઓફિસરે ખોટી સહાય મેળવનાર ચંદ્રિકાબેન સુરેશભાઈ ચૌહાણને ૨ મિલકત હોવા છતાં ૧ મિલકત બતાવી ખોટા દસ્તાવેજ કરી સહાય લીધી હોવા મુદ્દે સહાયના મેળવેલ રૂ.૨.૩૦ લાખ પરત કરવા નોટીસ પાઠવી છે. ખોટું સોંગદનામું કરી સરકારી સહાય મેળવવી ગુનાને પાત્ર છે. જે અતિ ગંભીર બાબત હોઈ સહાયની રકમ પરત કરવા અને તેમ કરવામાં કસૂરવાર થયેથી ફોજદારી કાર્યવાહી કરવાની પણ તાકીદ કરાતા ચકચાર મચી જવા પામી છે.

# પ્રાંતિજ બ્રહ્માણી માતાના મંદિર ખાતે ધજારોહણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં નવરાત્રી નો આજથી પ્રારંભ થઈ ગયો છે ત્યારે આ વરસે કોરોનાના ગ્રહણ વચ્ચે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ નવરાત્રી યોજાઈ રહી છે ત્યારે પ્રાંતિજના બ્રહ્માણી માતાના મંદિર ખાતે પણ પ્રથમ નોરતે ધજા રોહન કાર્યક્રમ યોજાયો હતો.

પવિત્ર નવરાત્રીનો આજથી પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી બ્રહ્માણી માતાના મંદિર ખાતે કોરોનાના ગ્રહણ વચ્ચે વહેલી સવારે ધજા રોહન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા મંદિર સહિત મંદિર સંકુલમાં સેનીટાઇઝ કરવામાં આવ્યું હતું તો મંદિરમાં આવેલ દરેક માઈ ભક્તોને ફરજીયાત માસ્ક પહેરવા સહિત સરકાર ની ગાઈડ લાઈન મુજબ સોશીયલ ડીસન્ટન સાથે બ્રહ્માણીની માતાના મંદિર ખાતે ધજારોહન કાર્યક્રમ



યોજાયો હતો તો મંદિર ખાતે આરતી યોજાઈ હતી અને નવરાત્રી ના પ્રથમ નોરતે થીજ મંદિર ખાતે પટેલ સમાજ ના ભાઈ બહેનો તથા માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતાં અને પ્રથમ નોરતે મા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો મંદિર ખાતે નવમા નોરતે પાંડવો વખત થી ભરાતો પલ્લી મેળો આ વર્ષે કોરો ના ના ગ્રહણ ને લઈને મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા મોકુફ રાખવામા આવ્યો છે તો સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ નવરાત્રી દરમ્યાન સવાર સાંજ ખાલી માની આરતી યોજાશે અને વિવિધ નવરાત્રી માં યોજાતા વિવિધ કાર્યક્રમો પણ કોરોના ના ગ્રહણ ને લઈને આ વખતે મોકુફ રાખવામા આવ્યા છે .




## ડીસામાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

હરિહર મહાદેવ મંદિર વેલુનગર ડીસા અને રામબાણ આયુર્વેદિક ઔષધ ભંડારના વૈદ્ય કાંતિભાઈ એસ. માળીના સંયુક્ત ઉપક્રમે કોરોનાને નાથવા શુક્રવારે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. હરિહર મહાદેવ મંદિર વેલુનગર ડીસા ખાતે હાલમાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલ નોવેલ કોરોના વાયરસની મહામારીને રોકવા અને આરોગ્ય રક્ષણ માટે ઋષિમુનિઓના આશીર્વાદરૂપ આયુર્વેદની અનમોલ ભેટ એવા શક્તિવર્ધક અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે ઉપયોગી એવી સ્વદેશી ૨ ૨ પ્રકારની જડીબુટ્ટીઓમાંથી બનાવવામાં આવેલ આયુર્વેદિક ઔષધિય ઉકાળાના વિતરણનો લાભ મોટી સંખ્યામાં ભાઈ બહેનોએ લીધો હતો. જેમાં સરકારની ગાઈડલાઈનનું પાલન કરીને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# મેઘરજમાં જુગાર રેડમાં પોલીસે પૈસા ખિસ્સામાં મુક્યા હોવાનો આરોપીની પત્નીનો આક્ષેપ

## ઓડીયો કલીપ વાઈરલ, ઉચ્ચકક્ષાએ લેખીત રજુઆત

મેઘરજ, તા. ૧૭

મેઘરજ પોલીસે ૧૩ ઓક્ટોમ્બરે રાત્રીના સુમારે મેઘરજ જુના બસ સ્ટેન્ડ નજીક વખારોની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા શકુનિઓ પર ત્રાટકી હતી જેમાં ૭ જુગારીઓ ઝડપાયા હતા ત્રણ ફરાર થઈ ગયા હતા. મેઘરજ પોલીસે રૂ.૩૦૨૯૦રોકડા અને આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલ સાથે રૂ.૫૨૨૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જુગાર રેડમાં પકડાયેલ ઈકબાલ ચડી પાસેથી પોલીસ કોન્સટેબલે ૨૫ હજાર રૂપિયા કાઢી લઈ સાહેબને આપ્યા હોવાની આરોપીની પત્ની અને કોન્સ્ટેબલ વચ્ચેની વિડીયો કલીપ વાઈરલ થતા ભારે ચકચાર મચી હતી. આરોપીની પત્નીએ આ અંગે રેન્જ આઈજી, એસપી અરવલ્લી સહીત ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી ૨૫ હજાર રૂપિયા પોલીસે ખિસ્સામાં મુક્યા હોવાના આક્ષેપ સાથે લેખિત રજુઆત કરવા તજવીજ હાથ ધરી હતી. આરોપી પત્ની અને પોલીસ કોન્સ્ટેબલની ઓડીયો કલીપ વાઈરલ થતા એસપીએ તપાસના આદેશ આપી દીધા છે.

મેઘરજ પીએસઆઈ એન.એમ. સોલંકીએ ચાર્જ સંભાળતાની સાથે અસામાજિક તત્વો સામે સખ્ત કાર્યવાહી હાથ ધરી હતી. જુના બસ સ્ટેન્ડ નજીક




૧૩ ઓક્ટોમ્બરે વખારની ખુલ્લી જગ્યામાંથી જુગારીઓ ઝડપી લીધા હતા, આરોપી જેમાં ઈકબાલ ચડીની પત્ની અને મેઘરજ પોલીસ કોન્સટેબલ સિધ્ધરાજસિંહ સાથે વાતચીતની ઓડિયો કલીપ વાઈરલ થતા ખળભળાટ મચ્યો છે જેમાં મહિલાએ તેના પતિના ખિસ્સામાંથી શૌચાલયમાં જઈ ૨૫ હજાર રૂપિયા મુકવા આપ્યા હતા તે ક્યાં ગયા અને આટલો ઓછો કેસ કેમ બનાવ્યો છે સહીતની વાતચીતમાં પોલીસકર્મી સાહેબને આપી દીધા છે કહી રહ્યો છે. જે અંગેની ઑડિયો કલીપ વાઈરલ થતા ભારે ચકચાર મચી છે ઓડિયો કલીપ વાઈરલ થતા જુગારધામ પર પડેલ દરોડો હાલ શંકાના દાયરામાં આવી ગયો છે ઓડિયો વાઈરલ થતા એસપી સંજય ખરાતે તપાસના આદેશ આપી દીધા છે. બીજી બાજુ ઈકબાલ ચડીની પત્નીએ મેઘરજ પોલીસ અને એક ઈસમ વિરુદ્ધ લેખીત અરજી કરવા તજવીજ હાથ ધરાતા પોલીસબેડામાં મામલો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

ઈકબાલ ચડીની પત્નીએ એસપી સહીત ઉચ્ચકક્ષાએ કરેલી લેખિત રજુઆતમાં મેઘરજ પોલીસ પર ગંભીર આક્ષેપ કર્યા હતા બીજી બાજુ મેઘરજ પીએસઆઈ એન.એમ. સોલંકીની કામગીરીને નગરજનો આવકારી રહ્યા છે.

# અરવલ્લીમાં પંચાયતના નિયમોનું પાલન ન કરી મનસ્વીપણે કામો કરાવતાં સરપંચો સામે ડીડીઓની લાલ આંખ

## મોડાસા ડુઘરવાડા પંચાયતના મહિલા સરપંચને બરતરફ કર્યા

મોડાસા તાલુકાની ડુગરવાડા ગ્રામપંચાયતમાં સરપંચ તેમજ સભ્યો દ્વારા સત્તાનો દુરુપયોગ કરી કામ કરવામાં આવ્યું છે. તેમજ નાણાંકીય ગેરરિતી પણ થઈ હોવાનું ફલિત થતાં સાથે પૂર્વ મંજૂરી વગર કામો કરી નાણાં ચુકવી દેવાના પગલે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયાએ મોડાસા તાલુકાની ડુગરવાડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ તેમજ સદસ્યોને નોટીસ પાઠવી તમને હોદ્દા ઉપરથી દુર કેમ ન કરવા તે અંગે ખુલાસો આપવા જણાવ્યું હતું.જેમાં યોગ્ય ખુલાસા કરવામાં નિષ્ફળ રહેતા મહિલા સરપંચ ગીતાબેન મહેશભાઈ ભરવાડને સત્તાનો દુરઉપયોગ કર્યો અને ફરજોમાં બેદરકારી દાખવતા સરપંચ પદેથી બરતરફ કરાયા છે.

ગ્રામ પંચાયતોમાં કેટલીકવાર સદસ્યો કે સરપંચ દ્વારા નિયમોના વિરૂધ્ધમાં જઈને કામો કરવામાં આવતા હોય છે. વહીવટને જાણે પોતાના ખિસ્સામાં રાખતા હોય તેમ મનસ્વી નિર્ણયો લઈ મનસ્વી રીતે કામો કરતા હોય છે. ત્યારે મોડાસા તાલુકાના ડુગરવાડા ગામની ગ્રામપંચાયતમાં



પણ આવો એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં ગ્રામપંચાયતના સરપંચ તેમજ સદસ્યો દ્વારા વહીવટીય પૂર્વ મંજૂરી વગર જ કામો કરાવી દીધા હોવાની સાથે નાણાકીય ગેરરિતી અંગે પણ ડીડીઓ સમક્ષ આવ્યું હતું. તાંત્રિક મંજૂરી લીધા પહેલાં સાગવા ગામે કૂવો ઉડો કરવાનું કામ પુરુ કર્યા પછી તાંત્રિક મંજૂરી લીધી હતી. બાદમાં વહીવટી મંજૂરી માટે તાલુકા વિકાસ અધિકારીની મંજૂરી મળી ગયેલ છે તેવું ખોટી રીતે દર્શાવી ઉપલી કચેરીને ગેરમાર્ગે દોરી પૂર્વ મંજૂરી વગર કામ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ગુજરાત પંચાયત બાંધકામો અને વિકાસ યોજનાના નિયમો મુજબ સક્ષમ સત્તાધિકારીની જે સત્તા મર્યાદામાં તાંત્રિક મંજૂરી અને વહીવટી મંજૂરી મેળવીને જ પછી કામગીરી હાથ ધરવાની હોવાના નિયમો હોવા છતાં આ નિયમોનું પાલન કરવામાં આવ્યું નહોતું અને મનસ્વીપણે કામ કરાવી ૧,૪૨,૦૦૦નો ખર્ચ કરી દેવામાં આવ્યો હતો સહિતના કેટલાય કામોમાં મનસ્વીપણે કામ કરાવવા, તંત્રની મંજૂરી ન લેવી તેમજ નાણાંકીય ગેરરિતી પણ ડુગરવાડા ગ્રામપંચાયતમાં થઈ હોવાનું તંત્રને ધ્યાને આવતાં ડુગરવાડા જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ ખુલાસો કરવા માટે નોટીસ આપવામાં આવી હતી. જેમાં સરપંચ ગીતાબેન મહેશભાઈ ભરવાડ યોગ્ય ખુલાસા કરવામાં નિષ્ફળ રહેતા જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયાએ ગુજરાત પંચાયત અધિનયમ ૧૯૯૩ ની કલમ ૫૫ મુજબ હોદ્દા પરથી બરતરફ કરવામાં આવ્યા હતા

### ડીડીઓએ કયા કયા કામો મંજૂરી વગર તેમજ નાણાંકીય ગેરરિતીવાળા અંગે નોટીસ પાઠવી હતી

૧. સાગવા કામે કૂવો ઉંડો કરવાનું કામ પુરુ કર્યા પછી તાલુકા વિકાસ અધિકારીની મંજૂરી મેળવી હોવાનું ખોટી રીતે દર્શાવી
૨. સત્તાધિકારીની સત્તા મર્યાદામાં તાંત્રિક મંજૂરી અને વહીવટી મંજૂરી વગર ૧૪૨૦૦૦નો ખર્ચ કરાયો
૩. ગ્રામપંચાયત પાસે પુરતું બેલેન્સ ન હોવા છતાં ચેક ઈસ્યુ કરવામાં આવ્યો
૪. લોકસભા-૨૦૧૯ની ચૂંટણીની આચારસંહિતાના આધારો લઈ મંજૂરી ઝડપી મળી શકે તેમ નથી તેવું બતાવી પાણીની સમસ્યા સુલઝાવવા કામ કરેલ છે તેવું દર્શાવ્યું અને કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ૨૩ જુલાઈના રોજ કામની પૂર્ણતાના પ્રમાણપત્ર સીવાય નાણાંની ચુકવણી કરવામાં આવી.
૫. બજેટમાં જોગવાઈ ન હોવા છતાં ખર્ચ કરતાં પ્રાથમિક દ્રષ્ટિએ ગેરરિતી આચર્યાનું માલુમ પડ્યું
૬. સત્તાનો દુરુપયોગ કરી વગર મંજૂરીએ નાણાં ચુકવેલ હોવાથી ગેરરિતી થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાય છે.
૭. સંબંધિત તલાટી કમ મંત્રીને કારણોદર્શક નોટીસ આપતાં તેઓએ જણાવ્યું હતું કે આ કામ દબાણપૂર્વક તેમના પાસે કરાવવમાં આવ્યું છે.
૮. નિયમોનુસાર અને પરવાનગી ન મેળવેલ હોવા છતાં કરવામાં આવેલ ખર્ચને પણ તે પછીની ગ્રામપંચાયતની બેઠમાં બહાલી આપવામાં આવી હોવાથી સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.
૯. નવ હજારનું ચુકવણું કયા કામ માટે કરેલ છે તેની કોઈ સ્પષ્ટતા રોજમેળ કે નમુના નં-૧૫માં કરવામાં આવી ન હોવાથી નાણાંકીય નિતિ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.
૧૦. ગ્રામપંચાયતના કારકુન પટાવાળા તરીકે નોકરી કરતા કર્મચારીને દહાડીયા પત્રકથી ચુકવણું કરેલ છે. તેમજ પગારનું ચુકવણું પણ કરવામાં આવ્યું હોવાથી નાણાંકીય ગેરરિતી થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાય છે.

# થરાદમાં ટ્રેઈલરની ટક્કરથી બાઈકચાલકનું કમકમાટીભર્યું મોત

થરાદમાં વધુ એક માર્ગ અકસ્માતની ઘટનામાં એક યુવકનું મોત થયાનું સામે આવતાં અરેરાટી મચી ગઈ છે. થરાદ રેફરલ હોસ્પિટલ ત્રણ રસ્તા પાસે ટ્રેઈલર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલક યુવક ટ્રકના ટાયર નીચે આવી જતાં તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ છે. આ તરફ થરાદ પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના થરાદમાં શુક્રવારે બાઈક અને ટ્રેઈલર વચ્ચે અકસ્માતની ઘટના સામે આવી છે. આજે સવારે વાવના કિર્તિભાઇ દાનાભાઇ રાજપૂત અને મુકેશભાઇ રામાભાઇ ચૌહાણ બાઈક લઈ થરાદ રેફરલ હોસ્પિટલ ત્રણ રસ્તા પાસેથી પસાર થતાં હતા. આ દરમ્યાન ટ્રેઈલર ચાલકે અડફેટે લેતાં કિર્તીભાઇ રાજપૂત ટાયર નીચે આવી જતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયુ હતુ. તરફ મુકેશભાઇ રામાભાઇ ચૌહાણને શરીરે ઈજાઓ પહોંચી ટ્રેઈલર ચાલક ફરાર થઈ ગયો હતો.

અનલોકમાં મળેલી છૂટ વચ્ચે માર્ગ અકસ્માતની ઘટનામાં પણ વધારો થઈ રહ્યો છે. આજે સર્જાયેલા અકસ્માતમાં ટ્રેઈલર ચાલકે બાઈક ચાલક કિર્તીભાઈ રાજપૂતને અડફેટે લઈ ૫૦ મીટર સુધી ઘસેડતાં તેમનું મોત થયુ હતુ. આ તરફ વાવ તાલુકાના ખીમાણાપાદરના શિવાભાઈએ ટ્રકચાલક વિરૂધ્ધ થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# ધાનેરામાં વોર્ડ નં-૪માં સતત ચોથી વખત જીત મેળવતાં કાનાજી ઠાકોર પરિવાર

## ૨૦૧૮માં પણ જીત મેળવી ૨૦૨૦માં નગર પ્રમુખ તરીકે બિરાજમાન જગલબેન ઠાકોર

ધાનેરા નગરપાલિકામાં સતત ચોથી વખત જીત મેળવતા વોર્ડ નંબર ચાર માં ઠાકોર પરિવારના કાનાજી બનાજી ઠાકોર તેમના ધર્મપત્ની જગલબેન ઠાકોર અને તેમના પુત્રવધૂ લીલાબેન અનિલભાઈ ઠાકોર નગર પંચાયત માં તેમજ નગરપાલિકામાં જીત મેળવી રાજકીય કારકિર્દીને જાળવી રાખી છે કાનાજી બનાજી ઠાકોર પરિવાર નો વોર્ડ નંબર ચાર માં લોકો સાથેનો પ્રેમે આજે તેમને સતત ચોથી વખતે જીત મેળવીને રાજકીય લેવલે ખૂબ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરાઈ છે કાનાજી બનાજી ઠાકોર પરિવારે ૧૯૯૬ મા નગરપંચાયત ની ચુંટણી માં અપક્ષ ઉમેદવાર તરીકે તેમના હરીફને હાર આપી વિજેતા થયા હતા ત્યારબાદ તેઓ કોંગ્રેસ પક્ષમાં સામેલ થયા બાદ ૨૦૦૩ મા નગરપાલિકાની ચૂંટણીમાં બહુમતીથી મત મેળવી વિજય થયા હતા ત્યારબાદ ૨૦૦૮માં તેમના પુત્રવધુ શ્રીમતી લીલાબેન અનિલભાઈ ઠાકોર કોંગ્રેસ પક્ષમાં રહીને જીત મેળવી હતી અને સતત ચોથી વખતે પણ ૨૦૧૮માં પણ કાનાજી બનાજી ઠાકોર ના ધર્મ પત્ની જગલ બેન કાનાજી ઠાકોરે નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ચાર માં થી સારી બહુમતીથી જીત મેળવી વિજય થયા હતા અને હાલ તેઓ ૨૦૨૦માં નગરપાલિકા પ્રમુખ તરીકે બિરાજમાન થતા ધાનેરામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો કાનાજી બનાજી ઠાકોર ના પરિવાર રાજકારણમાં રંગે રંગાયેલો છે અને સમાજમાં તેમજ લોકોમાં તેમનો પ્રેમે આજે નગરપાલિકા ના પ્રમુખ સ્થાન સુધી બિરાજમાન તરફ લઈ ગયો છે કાનાજી બનાજી એ સમાજનુ પણ સ્થાન ગર્વ થી ઊંચું કર્યું છે આશા છે કે ધાનેરાના વિકાસના કામો તેમજ સ્વચ્છતા અભિયાન તેમજ લોકોના વર્ષો જૂના પડતર પ્રશ્નો અંગે ધ્યાનઆપી કામ કરશે તેવી લોકોને આશા વ્યક્ત કરી છે.

# વડગામના પસવાદળમાં વિરપાનાથ મંદિરમાં ઉજવણી બંધ રખાઈ

## કોરોના વાઈરસને પગલે પ્રતિવર્ષે ઉજવાતા ધાર્મિક પ્રદર્શન, એકમથી આસો સુદ પુનમ અને આસો સુદ-૯ના રોજ ભરાતો મેળો તે પણ બંધ રાખ્યા

વડગામ,

વડગામ તાલુકાના પસવાદળમાં વિરપાનાથ મંદીરમાં કોરાના વાઈરસને વરસોથી જે ઉજવણી કરવામાં આવી હતી તે બંધ રાખવામાં આવી છે અને પ્રતિવર્ષે ઉજવાતું ધાર્મિક પ્રદર્શન, એકમ થી આસો સુદ પુનમ અને આસો સુદ -૯ના રોજ ભરાતો મેળો તે પણ બંદ રાખ્યા હોવાનું મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું અને ભક્તોને ઘરે બેઠા બેઠા દાદાની પ્રથના કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

વડગામ તાલુકાના પસવાદળ ગામે આવેલ આસ્થાનુ પ્રવિત્ર સ્થળ વરસો જૂનું વિરપાનાથ દાદાનુ મંદીર આવેલુ છે અને દાદાના દ્વારે નવરાત્રીમાં દુર દુરથી ભાવિક ભક્તો દાદા ચરણે શીશ ઝુકાવવા આવે છે. જેમાં નોરતાના પ્રારંભથી વિરપાનાથ દાદાના ધામમાં પ્રતિવર્ષ ઉજવાતું પ્રદર્શન અને આસો સુદ એકમથી આસો સુદ પુનમ સુધીની ઉજવણી કોરાના વાઈરસ જેવી મહામારી હોય અને સરકારની ગાઈડલાઈન પ્રમાણે પસવાદળ ગામ સમસ્ત દેવસ્થાન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ એમ ભટોળ અને મંત્રી શ્રી નરેન્દ્રભાઈ કે ઠાકર અન્ય ટ્રસ્ટીગણ અને સમસ્ત ગ્રામજનો દ્વારા પસવાદળ



ગ્રામજનો દ્વારા ઉજવતા વિરપાનાથ દાદાના મંદીરે વિવિધ પ્રસંગો બંધ રાખવામાં આવ્યા છે. જેમાં પસવાદળ ગામ સમસ્ત દેવસ્થાન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ એમ ભટોળ એ જણાવ્યું હતું કે અમારા ગામમાં આવેલ પ્રસિધ્ધ વિરપાનાથ દાદાના મંદીરે એકમ થી આસો સુદ પુનમ સુધી વિવિધ પ્રદર્શન અને ધાર્મિક પ્રસંગો, બંદ રાખવામાં આવ્યા છે અને આસો સુદ આઠમના રોજ નાનો હવન જે ગામ લોકો દ્વારા નવરાત્રી દરમિયાન નકોડા ઉપવાસ અને અભિષેક કરે છે તેમના માટે માસ્ક સેનેટાઈર અને સોસિયલ ડિસ્ટન્સ જાળવીને નિયમોનુ પાલન કરાય છે અને આસો સુદ-૯ના રોજ ભરાતો મેળો તે પણ બંધ રાખવામાં આવેલ છે તો સમગ્ર તાલુકા, જિલ્લા અને રાજ્ય અને દેશની ધર્મપ્રેમીએ નોંધ લેવા પસવાદળ ગામ સમસ્ત ટ્રસ્ટીગણની વિનંતી છે અને ઘરે બેઠા બેઠા દાદાની પ્રાથના કરવા અપીલ કરી હતી.

# પ્રાંતિજના અમીનપુર ખાતે પાટીદાર સમાજના પિતરાઈ ભાઈઓ બાખડ્યા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર ખાતે પાટીદાર સમાજના એકજ કુટુંબના પિતરાઈ ભાઈઓ સામસામે આવી જતાં એક વ્યક્તિને માથાના પાછળના ભાગે પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોચતા આ મામલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ અમીનપુર ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક રમણભાઈ મંગળદાસ પટેલના પુત્ર રોનક પટેલ સાથે અગાઉ નજીવા કારણસર તેમના પિતરાઈ ભાઈ સાથે ચકમક ઝરતા મામલો બિચક્યો હતો પરંતુ કુટુંબના વડીલોએ આ બાબતે સમાધાન કરાવ્યું હતું પરંતુ ત્યારબાદ ત્રણ દિવસ બાદ રોનકકુમાર રમણભાઈ પટેલ ૧૫ મી ઓક્ટોબરના રોજ સવારે ૭ વાગ્યાના સુમારે મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે તેમના સગા કાકા મનુભાઈ મંગળદાસ તેમજ તેમના બે પુત્રો રોહિતકુમાર તેમજ



આશીષકુમારે સાથે મળીને રોનકને આંતરીને તેના માથાના પાછળના ભાગે લોખંડની પાઈપથી ફટકો મારીને જીવલેણ રીતે ઘાયલ કરતાં રોનક પટેલને લોહી લુહાણ હાલતમાં પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) અને ૧૧૪ તથા ૧૩૫ મુજબ ગુનોનોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ તપોધન ફડી ખાતે મૃતક ગાયને તાત્કાલિક ઉઠાવી લેવાઈ

## મહિલા કોર્પોરેટર તથા આરોગ્ય સમિતિના ચેરમેન દ્વારા તાત્કાલિક રોડ વચ્ચે પડેલ મૃત ગાયને ઉઠાવી દેવામાં આવી

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ તપોધન વાસમાં આજે કોઈ કારણોસર રોડ વચોવચ ગાય માતાએ જીવ છોડી દેતા રહીશો દ્વારા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટને જાણ કરતા મૃતક ગાય માતાને તાત્કાલિક ઉઠાવી લેવામાં આવી હતી.

પ્રાંતિજ તપોધનવાસ ફડી ખાતે આજે રોડ વચોવચ એક ગાય તરફડીયા ખાઈને ઢળી પડી હતી તો આજુબાજુમા રહેતા રહીશો દ્વારા ગાયને ઉભી કરવા માટે પ્રયત્નો કર્યા હતાં તો ડાંકટર તથા પશુ એમ્બ્યુલન્સ વાનને પણ જાણ કરી હતી પણ ડાંકટર કે પશુ એમ્બ્યુલન્સ વાન આવે તે પહેલાં ગાયે જીવ ગુમાવી દેતા તપોધન વાસના રહીશો દ્વારા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટને તથા તેમના પતિ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટને જાણ કરી હતી તો હાર્દિકભાઈએ આરોગ્ય સમિતિના ચેરમેન રાવળ દિલીપભાઈને કરતા આરોગ્ય સમિતિના ચેરમેન દ્વારા તાત્કાલિક જેસીબી ટ્રેકટર અને નગરપાલિકાના આરોગ્ય કર્મચારી જીતુભાઈ તથા ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી રોડ વચોવચ મૃત્યુ પામેલ ગાયને જેસીબીની મદદથી ઉઠાવી દેવામાં આવી હતી. જેથી તાત્કાલિક કાર્યવાહીને લઈને તપોધન ફડીના રહીશો દ્વારા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ અને નગરપાલિકાના આરોગ્ય સમિતિના ચેરમેન દિલીપભાઈ રાવળની કામગીરીની પ્રશંસા કરી હતી.